# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 17-09-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **નીકિતા શાહ** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓડિશાની મુલાકાતે, ભુવનેશ્વરમાં વિવિધ સરકારી યોજનાઓનું લોકાર્પણ અને ખાતમહૂર્ત કરશે
- આજથી દેશભરમાં સ્વચ્છતા હી સેવા અભિયાન- 2024નો પ્રારંભ
- જુનિયર ડૉક્ટર્સ સાથેની બેઠક બાદ મમતા બેનર્જી સરકારે ચારમાંથી ત્રણ માંગણીઓ સ્વીકારી
- હોકી એશિયન ચેમ્પિયનશીપ ટ્રોફીની ફાઇનલમાં આજે ભારત અને ચીન વચ્ચે મુકાબલો
- અને આજે અનંત ચતુર્દશી પ્રસંગે ગણેશ વિસર્જન બાદ દસ દિવસ ચાલનારા ગણેશ ઉત્સવનું સમાપન

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM - ODISHA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ઓડિશાની મુલાકાતે છે. તેઓ ભુવનેશ્વરમાં વિવિધ સરકારી યોજનાઓનું લોકાર્પણ અને ખાતમહૂર્ત કરશે. આ યોજનામાં સુભદ્રા યોજના મહિલાઓને આર્થિક સહાય કરવાના હેતુથી શરૂ કરાઈ છે, જેનાથી એક કરોડ મહિલાઓને મદદ મળશે. યોજના અંતર્ગત 21 વર્ષથી 60 વર્ષ વચ્ચેની મહિલાઓને પ્રતિ વર્ષ 10 હજાર લેખે પાંચ વર્ષ સુધી 50 હજાર રૂપિયાની આર્થિક સહાય સીધી તેમના ખાતામાં ટ્રાન્સફર કરાશે.

યોજનાના ઉદ્ઘાટન સમારોહમાં પ્રધાનમંત્રી મોદી પ્રથમ 10 લાખ મહિલા લાભાર્થીઓના ખાતામાં ફંડ ટ્રાન્સફર કરશે. શ્રી મોદી રાજ્યમાં રેલવે પ્રોજેક્ટ સહિત વિકાસના વિવિધ 2800 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ તેમજ રાષ્ટ્રીય ધોરીમાર્ગ સંબંધિત એક હજાર કરોડથી વધુની કેટલીક પરિયોજનાઓનું ખાતમહૂર્ત પણ કરશે. તેઓ પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ સાથે સંવાદ પણ કરશે.

# GUJ- PM FOR NATIONAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારની ત્રીજી મુદતનાં પ્રથમ 100 દિવસમાં દેશનો સર્વાંગી અને અસરકારક વિકાસ થયો છે. તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે સમાજનાં તમામ વર્ગ માટે કલ્યાણ કાર્ય કર્યા છે. છેલ્લાં 100 દિવસમાં રેલ, માર્ગ, બંદર અને વિમાન વ્યવહાર અંગેનાં અનેક પ્રોજેક્ટ્સ શરૂ થયા છે. શ્રી મોદીએ ગઈકાલે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આઠ હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યા બાદ જાહેર સભાને સંબોધન કર્યું હતું.

પ્રધાનમંત્રીએ વર્તમાન યુગને ભારત માટે સુવર્ણ સમય ગણાવતા જણાવ્યું  કે દેશ અમૃતકાળમાંથી પસાર થઈ રહ્યો છે અને આગામી 25 વર્ષમાં ભારતને વિક્સિત રાષ્ટ્ર બનાવવાનો ધ્યેય છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, વિક્સિત ભારતનાં સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાતની મોટી ભૂમિકા છે. ગુજરાતનાં માળખાકીય વિકાસની પ્રશંસા કરતા તેમણે જણાવ્યું કે દેશનાં વિકાસમાં ગુજરાતની મુખ્ય ભૂમિકા છે.

શ્રી મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ 30 હજારથી વધુ પાકા મકાનોનાં નિર્માણને મંજૂરી આપી હતી અને આ મકાનો માટે પ્રથમ હપ્તો જમા કરાવ્યો હતો. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને આવાસ યોજનાના મકાનોની ચાવી આપી હતી.

......2.......

દરમિયાન, પ્રધાનમંત્રીએ અમદાવાદ અને ભુજ વચ્ચે દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલ અને અન્ય છ વંદે ભારત ટ્રેનનો પ્રારંભ કરાવ્યો હતો.

અગાઉ, ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરમાં ચોથી વૈશ્વિક નવીનીકરણીય ઊર્જા રોકાણકાર સંમેલનને સંબોધતા પ્રધાનમંત્રીએ પીએમ સૂર્યઘર નિઃશુલ્ક વીજળી યોજના રાષ્ટ્રને સમર્પિત કરી હતી.

# BHARAT JAL SAPTAH

આજથી નવી દિલ્હીમાં આઠમું ભારત જળ સપ્તાહ 2024 શરૂ થશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ભારત મંડપમમાં કાર્યક્રમનું ઉદઘાટન કરશે. ચાર દિવસનાં આ કાર્યક્રમ દરમિયાન 40 દેશનાં 200થી વધુ વિદેશી પ્રતિનિધીઓ સહિત લગભગ ચાર હજાર પ્રતિનિધી ભાગ લેશે. પ્રદર્શન દરમિયાન 200થી વધુ પ્રદર્શક અને સ્ટાર્ટઅપ જળ ક્ષેત્ર અંગે પોતાનાં વિચારો રજૂ કરશે.

# PM MODI BIRTHDAY

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના જન્મ દિવસ નિમિત્તે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા આજે નવી દિલ્હીમાં પાર્ટીના મુખ્યાલયમાં સેવા પખવાડા અંતર્ગત રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન કરશે. શ્રી નડ્ડા પ્રધાનમંત્રીના જીવન પર આધારિત એક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે.

# PM MODI GIFT AUCTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળેલી ભેટોનું ઓનલાઇન ઑક્શન આજથી શરૂ થશે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે લોકોને ઈ-ઓક્શનમાં ભાગ લેવા વિનંતી કરી છે. તેમણે કહ્યું આ વર્ષે થનારા હારાજી છઠ્ઠી વાર છે. જેની શરૂઆત 2019મા થઈ હતી. લોકો આજથી તેમના મનપસંદ સ્મૃતિચિહ્ન માટે બોલી લગાવી શકે છે. ઓનલાઈન હરાજી 2જી ઓક્ટોબર સુધી ચાલશે.

# JAMMU KASHMIR ELECTION

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરાઈ છે. આવતીકાલે આ તબક્કામાં 7 જિલ્લાઓની 24 વિધાનસભા બેઠકો પર મતદાન થશે. આ જિલ્લાઓમાં અનંતનાગ, પુલવામા, શોપિયાં, કુલગામ, ડોડા, રામબન અને કિશ્તવાડ સામેલ છે.

પ્રથમ તબક્કાના 16 મતવિસ્તાર કાશ્મીરમાં છે, જ્યારે આઠ જમ્મુમાં છે. પ્રથમ તબક્કામાં 5.66 લાખ યુવાનો સહિત 23.27 લાખથી વધુ મતદારો 219 ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે. ચૂંટણી પંચે 24 વિધાનસભા મતવિસ્તારોમાં 3 હજાર 276 મતદાન મથકો સ્થાપિત કર્યા છે, જેથી કરીને સરળ અને પારદર્શક મતદાન થઈ શકે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# SWATCHATA HI SEWA

સ્વચ્છતા હી સેવા અભિયાન 2024નો આજથી દેશભરમાં પ્રારંભ થઈ રહ્યો છે. આ અભિયાન 2જી ઑક્ટોબર સુધી ચાલશે. આ વર્ષની થીમ સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા છે. ઝુંબેશમાં શ્રમદાન અને સામૂહિક કાર્યવાહી દ્વારા પ્રવાસન સ્થળો, જાહેર ઇમારતો, વ્યાપારી વિસ્તારો, જળ સંસ્થાઓ, પ્રાણી સંગ્રહાલયો, અભયારણ્યો અને સામુદાયિક અને જાહેર શૌચાલય જેવા વિવિધ સ્થળોએ મોંટાપાયે સ્વચ્છતા અભિયાનનો સમાવેશ થાય છે.

કેન્દ્ર સરકારના તમામ મંત્રાલયો અને રાજ્યો દ્વારા વિવિધ નાગરિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. દેશભરમાંથી નાગરિકો, ઉદ્યોગો, એનજીઓ, વિકાસ સંગઠનો, શહેરી સ્થાનિક સંસ્થાઓ, પંચાયતો અને વિવિધ હિતધારકો આ અભિયાનમાં જોડાશે.

# WB - DOCTORS PROTEST

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જણાવ્યું છે કે રાજ્ય સરકારે વિરોધ કરી રહેલા જુનિયર ડૉક્ટર્સની ચારમાંથી ત્રણ માંગણીઓ સ્વીકારી લીધી છે. ગઈરાત્રે તબીબો સાથેની બેઠક બાદ પત્રકારોને સંબોધતા જણાવ્યું કે તબીબોની માગને પગલે કોલકાતાના પોલીસ કમિશ્નર વિનિત ગોયેલને ફરજમુક્ત કરાશે. વધુમાં તેમણે જણાવ્યું કે આ વિશેની કાર્યવાહી આજે બપોર સુધીમાં પૂર્ણ કરશે. તેમણે કહ્યું કે તબીબોની માગણીને જોતા વધુ બે ઉચ્ચ અધિકારીઓની બરતરફ અને બદલી કરાશે.

મુખ્યમંત્રીએ તબીબો સાથેની બેઠકમાં તેમને ફરજ પર પાછા ફરવા માટેની અપીલ કરી હતી. ઘરણા સ્થળે પાછા ફરેલા તબીબ પ્રતિનિધિ મંડળે જણાવ્યું કે સરકારનો આ નિર્ણય તેમની ચળવળની સફળતાને દર્શાવે છે. જોકે તેમણે વિરોધ પ્રદર્શનો યથાવત રાખવાની વાત કહી છે.

# HOCKEY - ASIANCHAMPIONSHIP

એશિયન ચેમ્પિયનશીપ ટ્રોફી 2024ની ફાઇનલમાં આજે ભારતનો મુકાબલો ચીન સાથે થશે. ભારતીય સમય અનુસાર 3.30 કલાકે મેચ શરૂ થશે. ભારતીય હોકી ટીમે ગ્રુપ સ્ટેજમાં પોતાની તમામ મેચ જીતીને અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય રહી છે. ભારતીય ટીમે ચીનને 3-0, જાપાનને 5-1, મલેશિયાને 8-1, કોરિયાને 3-1 અને પાકિસ્તાનને 2-1થી હરાવ્યું હતું.

બીજી તરફ ચીન પ્રથમ રાઉન્ડમાં ભારત સામે 3-0થી હારી ગયું હતું. તેણે લીગ સ્ટેડમાં કોરિયા અને જાપાન દ્વારા પણ હરાવ્યા હતા. ભારત 2011, 2016, 2018 અને 2023માં ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ જીતી ચૂક્યું છે. દરમિયાન ચીનની ટીમ તેના પ્રથમ ખિતાબ માટે મેદાનમાં ઉતરશે.

# GANESH VISARJAN

દસ દિવસ ચાલનારા ગણેશ ઉત્સવનું આજે સમાપન થઈ રહ્યું છે. મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત દેશભરના પંડાલોમાંથી આજે બપ્પાની વિદાય બાદ આ ઉત્સવનું સમાપન થશે. ગુજરાતમાં વડોદરા અને સુરત સહિત વિવિધ જિલ્લાઓમાં વિસર્જનને પગલે ચાંપતો સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે.

આ તરફ બૃહદ મુંબઈ કોર્પોરેશને અનંત ચતુર્થીના અવસર પ્રસંગે મોટાપાયે સુરક્ષા બંદોબસ્ત કર્યો છે. એકલામાં મુંબઈમાં 12 હજારથી વધુ અધિકારીઓ અને કર્મચારી તૈનાત કરાયા છે, જ્યારે 71 જેટલા કંટ્રોલ રૂમ ઉભા કરાયા છે.

વધુમાં 700 જેટલા લાઇફગાર્ડ અને 48 મોટર બોટ દરિયા કિનારે તૈનાત કરાઈ છે. બીએમસીએ ઇકો ફ્રેન્ડલી મૂર્તિઓના વિસર્જન માટે 204 જેટલા કૃત્રિમ તળાવ તૈયાર કર્યા છે. ભક્તો ક્યૂ આર કોડ સ્કેન કરીને આ તળાવો વિશેની માહિતી મેળવી શકશે.

# હવે આજના અખબારોના મુખ્યસમાચારો સાથે

# મારા સહયોગી પ્રવેશ અડિએચા

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસના સમાચાર તમામ સમાચારપત્રોએ પહેલા પાના પર લીધા છે.
2) પ્રધાનમંત્રીના નિવેદનને ટાંકીને ગુજરાત સમાચાર લખે છે, સત્તાના ભૂખ્યા લોકો દેશના ટૂકડા કરવા માગે છે. સંદેશ લખે છે, જીએમડીસી ગ્રાઉન્ડમાં લાખો લાભાર્થીઓને સંબોધતાં વડાપ્રધાન વિપક્ષ પર વરસ્યા કહ્યું, સત્તાભૂખ્યા લોભી દેશને તોડવા માગે છે. જ્યારે “સત્તાભૂખ્યા લોકો ભારતના ટુકડા કરવા મથે છે” આ નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે. દિવ્ય ભાસ્કર લખે છે, 100 દિવસનો હિસાબ પૂરો...!
3) પ્રધાનમંત્રીના નિવેદનને ટાંકીને ફૂલછાબ લખે છે, ગુજરાત શ્વેતક્રાંતિ, મધુક્રાંતિ બાદ હવે સૌરક્રાંતિનું પ્રણેતા. – રાજસ્થાન પત્રિકા લખે છે, સૂર્યવંશી રામ કી નગરી અયોધ્યા બનેગી મૉડલ સૉલર સિટી.
4) નવગુજરાત સમય લખે છે, કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી આજે રાજીનામું આપશે.
5) “